# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

**જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪ અંતર્ગત ઓનલાઈન ફી ભરવાની મુદ્દતમાં વધારો કરવા અંગેની જાહેરાત**

**(વેબસાઈટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

## પરીક્ષા ફી ભરવાની મુદ્દત લંબાવવા બાબતે જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ–૩ (ગ્રુપ– A તથા ગ્રુપ– B) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા ((Gujarat Subordinate Services Class-III (Group-A and Group-B) Combined Competitive Examination ) ) માટેની જાહેરાત ક્રમાંક: ૨૧૨/ ૨૦૨૩૨૪ તા. ૦૩/૦૧/૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સદરહું જાહેરાત અંતર્ગત ઉમેદવારોએ ઓનલાઈન પરીક્ષા ફી ભરવાની તારીખ: ૦૨.૦૨.૨૦૨૪ (૨૩.૫૯ કલાક) સુધી નિયત કરવામાં આવેલ હતી. ઓનલાઈન પરીક્ષા ફી ભરવાની તારીખ પુર્ણ થયા બાદ પણ ઘણાં ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરી શક્યા નથી તેવું મંડળને ધ્યાને આવેલ છે. તદ્ઉપરાંત ટેકનીકલ કારણોસર ઉમેદવારો ઓનલાઈન પરીક્ષા ફી ભરી શકેલ ન હોવા અંગે પણ ઘણાં ઉમેદવારોની રજુઆતો મંડળને મળેલ છે.

આથી, ઉમેદવારોની રજુઆતોને ધ્યાને લઈ ઉમેદવારોના હીતમાં જે ઉમેદવારો ઓનલાઈન અરજી Confirm કરેલી હોય પરંતુ ઓનલાઈન પરીક્ષા ફી ભરેલ ન હોય, માત્ર તેવા ઉમેદવારો તારીખ: ૦૬.૦૨.૨૦૨૪ થી તારીખ: ૦૭.૦૨.૨૦૨૪ (૨૩.૫૯ કલાક) સુધી ઓનલાઈન પેઈમેન્ટ પધ્ધતીથી પરીક્ષા ફી ભરી શકશે, તે જણાવવામાં આવે છે.

વધુમાં ઉપર્યુક્ત સમયગાળા દરમ્યાન માત્ર પરીક્ષા ફી જ ભરી શકાશે. ઉમેદવાર નવેસરથી અરજી કરી શકશે નહીં. જે ઉમેદવારને ફી ભરવામાં મુશ્કેલી જણાતી હોય તો તેઓ તારીખ: ૦૭.૦૨.૨૦૨૪ સુધી કચેરી સમય દરમ્યાન મંડળમાં ફોન કરીને અથવા રૂબરૂમાં આવીને માર્ગદર્શન મેળવી શકે છે.

મંડળની તારીખ: ૦૩.૦૧.૨૦૨૪ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત તથા તારીખ: ૨૯.૦૧.૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ સુધારા જાહેરાતની અન્ય જોગવાઈઓ યથાવત્ રહેશે.

**તારીખ: ૦૫.૦૨.૨૦૨૪** **(હસમુખ પટેલ)**
**સ્થળ: ગાંધીનગર** **સચિવ**